ક્રમાંક:- મઉમશબ/સંશોધન/૨૬૬૬-૯૯
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર તા.૧૪/૧૧/૨૦૧૭

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય

વિષય:-માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક અભ્યાસક્રમમાં NCERTના પાઠ્યપુસ્તકોનો અમલ કરવા બાબત.

સંદર્ભ:-શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૭/૧૦૩૬/છ તા.૨૫/૧૦/૨૦૧૭

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ નિર્ણય અનુસાર શૈક્ષણિક વર્ષ જુન-૨૦૧૮થી ધો-૯માં ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી તેમજ અંગ્રેજી તથા ધો-૧૧ (વિજ્ઞાન પ્રવાહ)માં ગણિત, રસાયણ વિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, જીવવિજ્ઞાન અને અંગ્રેજી વિષયોમાં NCERT ના પાઠ્યપુસ્તકો તેમજ રસાયણ વિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને જીવવિજ્ઞાનમાં પ્રાયોગિકકાર્ય માટે NCERTની પ્રયોગપોથીઓનો અમલ કરવાનો થાય છે તે જ રીતે શૈક્ષણિક વર્ષ જુન-૨૦૧૯ થી ધો-૧૦ અને ધો-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) માં ક્રમશ:અમલ કરવાનો થાય છે. આ ઉપરાંત, ધો-૯ થી ૧૨માં અંગ્રેજી માધ્યમ સિવાયની શાળાઓ માટે ગુ.રા.શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત અંગ્રેજી (દ્વિતીયભાષા)ના પાઠ્યપુસ્તકનો અમલ કરવાનો થાય છે. જે અંગેનો શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૭/૧૦૩૬/છ તા.૨૫/૧૦/૨૦૧૭ આ સાથે મોકલવામાં આવે છે જે આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આ અંગે જાણ તથા અમલ સારું મોકલી આપવા વિનંતી છે.

બિડાણ:- સંદર્ભદર્શિત ઠરાવની નકલ

(આર.આઇ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર.

૯૬૨
સમાજ

ઘ-૨

ગુ.મા. અને ઉ.મા. શિ.બોર્ડ
ગાંધીનગર સ.શ્રી
શાખા..............................
3 NOV 2017
સહી....Jimmy....
ઇનવર્ડ નંબર....1123....

માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણના અભ્યાસક્રમમાં એન.સી.ઈ.આર.ટી.ના પાઠ્યપુસ્તકોનો અમલ કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક-મશબ / ૧૨૧૭ /૧૦૩૬ / છ
સચિવાલય ,ગાંધીનગર ,
તા.૨૫/૧૦/૨૦૧૭

વંચાણે લીધાઃ

(૧)સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના તા.૨૮/૮/૨૦૧૭ના પત્ર ક્ર-મઉમશબ-સંશોધન-૨૦૧૭-૨૩૮૯

આમુખઃ

ઉપરોક્ત વંચાણે લીધા પત્રથી ધો-૯ થી ધો-૧૨માં ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી તેમજ અંગ્રેજી વિષયોમાં NCERTના પાઠ્યપુસ્તકોનો અમલ કરવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે મુજબ જુન-૨૦૧૮થી ધોરણ-૯ માં ગણિત,વિજ્ઞાન અને ટેક્નોલોજી તેમજ અંગ્રેજી વિષયમાં તથા ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં ગણિત, રસાયણ વિજ્ઞાન,ભૌતિક વિજ્ઞાન,જીવ વિજ્ઞાન અને અંગ્રેજી વિષયોમાં NCERTના પાઠ્યપુસ્તકોનો અમલ કરવાનો થાય છે. ક્રમશઃ જુન-૨૦૧૯થી ધો-૧૦ અને ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આ પ્રમાણે અમલ કરવાનો રહે છે. આ ઉપરાંત, ધો-૯ થી ધો-૧૨માં અંગ્રેજી માધ્યમ સિવાયની શાળાઓ માટે ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત અંગ્રેજી (દ્વિતીય ભાષા) નું પાઠ્યપુસ્તક અમલમાં મુકવા અંગે તેમજ ધોરણ-૧૧,૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પ્રાયોગિક કાર્ય માટે NCERTના પ્રકાશનોનો અમલ કરવા અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી. આ બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:

(૧) શૈક્ષણિક વર્ષ જૂન-૨૦૧૮થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ધોરણ-૯માં ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી તેમજ અંગ્રેજી વિષયોમાં NCERTના પાઠ્યપુસ્તકોનો અમલ કરવાનો રહેશે.

(૨) શૈક્ષણિક વર્ષ જૂન-૨૦૧૮થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનું રજીસ્ટ્રેશન ધરાવતી અંગ્રેજી માધ્યમ સિવાયના તમામ માધ્યમોની શાળાઓમાં ધો-૯માં ગણિત તેમજ વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં NCERTના પાઠ્યપુસ્તકોનો અમલ કરવાનો રહેશે, જ્યારે અંગ્રેજી વિષય માટે ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત અંગ્રેજી (દ્વિતીય ભાષા)ના પાઠ્યપુસ્તકનો અમલ કરવાનો રહેશે.

(૩)શૈક્ષણિક વર્ષ જૂન-૨૦૧૯થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનું રજીસ્ટ્રેશન ધરાવતી અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ધો-૧૦માં ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી તેમજ અંગ્રેજી વિષયોમાં NCERTના પાઠ્યપુસ્તકોનો અમલ કરવાનો રહેશે.

(૪) શૈક્ષણિક વર્ષ જૂન-૨૦૧૯ થીગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનું રજીસ્ટ્રેશન ધરાવતી અંગ્રેજી માધ્યમ સિવાયના તમામ માધ્યમોની શાળાઓમાં, ધો-૧૦માં ગણિત તેમજ વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયોમાં NCERTના પાઠ્યપુસ્તકોનો અમલ કરવાનો રહેશે. જ્યારે અંગ્રેજી વિષય માટે ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત અંગ્રેજી (દ્વિતીય ભાષા)ના પાઠ્યપુસ્તકનો અમલ કરવાનો રહેશે.

(૫) શૈક્ષણિક વર્ષ જૂન-૨૦૧૮થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનું રજીસ્ટ્રેશન ધરાવતી અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ધો-૧૧ વિજ્ઞાનપ્રવાહમાં ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, ગણિત તેમજ અંગ્રેજી વિષયોમાં NCERTના પાઠ્યપુસ્તકોનોઅમલ કરવાનો રહેશે.

(૬)શૈક્ષણિક વર્ષ જૂન-૨૦૧૮થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ બોર્ડનું રજીસ્ટ્રેશન ધરાવતી અંગ્રેજી માધ્યમ સિવાયના તમામ માધ્યમની શાળાઓમાં, ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, તેમજ ગણિત વિષયોમાં NCERTના પાઠ્યપુસ્તકોનો અમલ કરવાનો રહેશે, જ્યારે અંગ્રેજી વિષય માટે ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત અંગ્રેજી (દ્વિતીય ભાષા)ના પાઠ્યપુસ્તકનો અમલ કરવાનો રહેશે

(૭) શૈક્ષણિક વર્ષ જૂન-૨૦૧૯થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનું રજીસ્ટ્રેશન ધરાવતી અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, ગણિત તેમજ અંગ્રેજી વિષયોમાં NCERTના પાઠ્યપુસ્તકોનો અમલ કરવાનો રહેશે.

(૮) શૈક્ષણિક વર્ષ જૂન-૨૦૧૯થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનું રજીસ્ટ્રેશન ધરાવતી અંગ્રેજી માધ્યમ સિવાયના તમામ માધ્યમની શાળાઓમાં, ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન તેમજ ગણિત વિષયોમાં NCERTના પાઠ્યપુસ્તકોનો અમલ કરવાનો રહેશે જ્યારે અંગ્રેજી વિષય માટે ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત અંગ્રેજી (દ્વિતીય ભાષા)ના પાઠ્યપુસ્તકોનો અમલ કરવાનો રહેશે

(૯)શૈક્ષણિક વર્ષ જૂન-૨૦૧૮થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનું રજીસ્ટ્રેશન ધરાવતી તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને જીવ વિજ્ઞાન વિષયોમાં પ્રાયોગિક કાર્ય માટે NCERTની પ્રયોગપોથીનો ઉપયોગ કરવાનો રહેશે.

(૧૦) શૈક્ષણિક વર્ષ જૂન-૨૦૧૯ થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને જીવ વિજ્ઞાન વિષયોમાં પ્રાયોગિક કાર્ય માટે NCERT ની પ્રયોગપોથીનો ઉપયોગ કરવાનો રહેશે

(૧૧) NCERTના પાઠ્યપુસ્તકો તેમજ પ્રયોગપોથીના ઉપયોગ અંગે NCERTની મંજૂરી મેળવવા અંગે NCERT સાથે એગ્રીમેન્ટ કરવાની, પાઠ્યપુસ્તકો તેમજ પ્રયોગપોથીનું ભાષાંતર કરાવવાની તેમજ પ્રિન્ટીંગની કામગીરી ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળે કરવાની રહેશે.

(૧૨) NCERTના પાઠ્યપુસ્તકો તેમજ પ્રયોગપોથીના છાપકામ અને અનુવાદમાં હકીકતલક્ષી અને ભાષાકીય ક્ષતિ ન થાય તેની ખાતરી ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળે કરવાની રહેશે. અને તે અંગેનું પ્રમાણપત્ર સરકારમાં રજૂ કરવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર તા.૨૮/૦૯/૨૦૧૭ની નોંધથી મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અજય ભટ્ટ)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

-માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર.

-માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

-માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર.

-માન. રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

-અગ્રસચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

-અગ્રસચિવશ્રી (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ), ના રહસ્ય સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.

-અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.

-સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર

-નિયામકશ્રી, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક. સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.

-નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક-૯/૧. ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ.(નિયામકશ્રી,શાળાઓ મારફત)

- શાખા સિલેક્ટ ફાઇલ